ગમ્મતચંદ્ર.

અથવા

મસાલાદાર મુરબ્બો.

રચનાર,

માસ્તર નાનાલાલ મગનલાલ

પ્રગટ કર્તા,

જેશંગભાઈ મોતીલાલ શાહ.

આવૃત્તિ ૬ ઠ્ઠી. પ્રત ૨૧૦૦

અમદાવાદ

ધી હર્ષદ પ્રિન્ટીંગ પ્રેસમાં

કેશવલાલ મગનલાલ દુધવાળાએ છાપ્યું.

સંવત ૧૯૬૩—સને ૧૯૦૬

કિંમત ચાર આના.

ગમ્મત ઘૂંટ ??

અથવા

મસાલાદાર સરબ્બતો.

રચનાર,

માસ્તર નાનાલાલ મગનલાલ

પ્રગટ કર્તા,

જેશંગભાઈ મોતીલાલ શાહ.

આવૃત્તિ ૬ ઠ્ઠી.

અમદાવાદ

ધી ખુર્શિદ પ્રિન્ટીંગ પ્રેસમાં

કેશવલાલ મગનલાલ દુધવાળાએ છાપ્યો.

સંવત ૧૯૬૩—સને ૧૯૦૬

કિંમત ચાર આના.

નવી જાતના નવા [illegible] ખબર નવી જ

! ! ! વાંચો વાંચો ને વાંચોજ ! ! !

તમામ જાતનાં વારતાનાં નાટકોનાં શાળા ઉપયોગી કાયદા સંબંધી ધર્મ સંબંધીના પુસ્તકો સસ્તામાં સસ્તા વેચનાર ફક્ત અમદાવાદમાં જેશંગભાઇ મોતીલાલ શાહની કંપનીજ છે. મુ. અમદાવાદ-રીચીરોડ.

જેશંગભાઈ મોતીલાલ શાહની કંપનીએ નવીન પ્રગટ કરેલાં પુસ્તકોની ઇયાદી

મંત્ર જંત્ર તંત્ર અને જાદુનું પુસ્તક ભુત પીશાચ શાકેણી ખવીશ અને દેવીઓના સુંદર ચીત્રો સાથે.

દેવતાઈ જાદુગર.

કીંમત રૂ. ૦—૮—૦ ટપાલ માફ.

રોગ—નીવારણ.

કીંમત રૂ. ૦-૮-૦ ટપાલ માફ.

નાડી જોવાની રીતો બાળકોને રાખવાની સાવજતો માણસ માત્રને સુખી રહેવાના નીયમો દરેક રોગ સાથી

ઉત્પન્ન થાય છે અને શી શી દવા કરવાથી તે રોગ મટે છે તે દવાના નામ સુદ્ધાંત દેશી દવાના વીષયોથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. દરેક કુટુંબમાં સુખાકારી માટે રાખવા લાયક જ આ પુસ્તક છે. મુસાફરી કરનાર મુસાફરને ઉપયોગી થઇ પડે માટે તેનું કદ ગજવામાં રહી શકે તેવું પોકેટ કરવામાં આવ્યું છે.

સ્ત્રિ ચતુરાઈ.

એક દીવસ નગરશેઠની ચારે છોકરીઓ સીગરામમાં બેસી બાગમાં સેલ મારવા જતી હતી તેઓને આગ્રાનું બજાર પસાર કરતાં એક મસ્તક વિનાનું ધડ નજરે પડયું જે ચાર રસ્તાના આવજાના ચકલા વચે પડયું હતું ત્યાં હજારો લોકોની ઠઠ મળી છે કોટવાળના માણસો તે મડદાની આસપાસ ફરે છે આવી રીતનો આ અજાયબી તમાસો જોયાથી તે કન્યાઓ પોતાનું શીગરામ ત્યાં લેવરાવી અને તે મડદાને નીહાળીને જોવા લાગ્યા, પછી તેમાંથી વડી બોલી. બેનો આ જણાય છે કે આ સ્ત્રીને આંખમાં સુરમો આંજવાનો ઘણો શોખ હતો તે સાંભળી બીજી બોલી બેન તારૂ કહેવું તદન વ્યાજબી છે અને એને પાન એલાયચી ખાવાનો પણ બે સુમાર શોખ હતો, ત્રીજી ચંદ્રવદનાએ તે સાંભળી કહયું કે એને મીસી લગાડવાનો પણ મોટો શોખ હતો, પછી ચોથી ચતુરાએ કહયુ કે એને વાળમાં અત્તર લગાડવાનો પણ મોટો શોખ હતો પછી ચારે બેહનુણીઓ પોતાની સીગરામ બાગ તરફ હંકાવીને લઇ ગઇ. આ વાત બાદશાહે જાણી ત્યારે તે આશ્ચર્ય થયો કે ફક્ત ધડ ઉપરથી મસ્તક અથવા માથુ વીગેરે કાંઇ મળ્યું નહી છતાં તેના શોખની તે શી રીતે પરીક્ષા કરી હશે! બાદશાહે પોતાના નગર શેઠને હુકમ કરી તેની ચારે કન્યાઓને બોલાવી મંગાવી, ભરૂ દરબારમાં પુછ્યું કે ચારે ચતુરાઓ તમોને એ માથા વીનાનીના વારસ અને વગર ઓ-

ળખાણુની રડેલી લાશ જોઇને કેમ જાણ્યું કે તે સુંદરમા આંજતી મીસી લગાડતી. અતર ચોપડતી ને પાન ચાવતી હતી ? બાદશાહનું ભાષણ સાંભળી એ બોલી અમારી પરીક્ષા સાદી અને સાચી છે; મેં જે કહ્યું હતું, કે તેને પાન એલાયચી ખાવાનો શોખ હતો તે માત્ર તેની ચાદર ઉપર લાલ તથા પીળા ડાઘા જોવાથીજ સ્પષ્ટ જણાવ્યું હતું; બીજી ચંદ્રવદના બોલી કે મેં મારી બેનનું કહેવુ સાબુત જાણ્યાની વાત તે ચાદરમાંથી એલાયચીની ખુશબો આવતી, ત્રીજી કુમારીકા બોલી મહારાજ મેં જે કહ્યું મીસીની શોખીન હતી. તે પણ નીસાન તેની ચાદર ઉપરથી જણાઇ આવતી હતી, ચોથી ચતુરા બોલી કે મને તેના ખભા ઉપર તેલનો ચળકાટ જણાયો અને ત્યાંથી નીકળતી ખુશબો ગુલાબના જેવી બેકતી હતી, તેથી મેં જાણ્યું કે વાળને અતર લગાડતી હશે. બાદશાહ આ નગર શેઠની ચારે ચતુર કન્યાઓનું ભાષણ સાંભળી ચકીત થઇ ગયે, અને ખુશ થઇને ઉમદા [illegible] બક્ષીસ આપીને પુછ્યું કે આ ભેદને કલ્પના અને તર્કથી ખીંચી લેનારી શું કન્યાઓ ? તમે એના અંગની નીસાનીથી કાંઇ એનો વધારે પત્તો નહી આપી શકશો કે એ કીયા વર્ગના સખ્સની સ્ત્રી છે. બીજી બોલી કે એન તાર ગોલ [illegible] છે ? ત્રીજી ચંદ્રવદના બોલી કે પણ તે વેહમી છે તેથી વેમ ખાઇને પોતાની સુસ્ત સ્ત્રીને મારી નાંખીછે,ચોથી ચતુરા બોલી કે મારી નાખનાર શાહજાદો તેનો ભરથાર ફલાણો ફલાણો હાલ દરબારમાં, છેલા શબ્દો સાંભળતાંજ શાહજાદો પોતાના પીતા પાદશાહના પગ ઉપર માથું નમાવી માફ કરવા માટે વિનંતી કરવા લાગ્યો. આ અજાય-

યાથી દરબારમાંના તમામ લોક દંગ થઈ ગયા, બાદશાહની અજા-યબીનો પાર રહ્યો નહિ તે નામદારે હાલ તરત સર્વ જ બાળ એક બાજુ રાખી તે ચારે કુમારીકાઓને પુછવું શરૂ કર્યું, અરે તમોએ તેનો સંદેહ કેમ જાણ્યું પહેલી બોલી મેં એની ધરેણા ઉપર સ-ઘળા માત્ર હથીયારોનાંજ ચીત્ર જોયા તેથી મેં તર્કથી જાણ્યું કે લડાયક સખસની સ્ત્રી છે, બીજી બોલી મેં તે તપાસી જોયું અને શાહજાદો કયો તેના ગળામાંની માળા જે આકાર અને અમુલ્યની માત્ર બાદશાહી કુટુંબમાંજ વપરાય છે તે ઉપરથી તે કોઈ શાહ-જાદાની ઓરત છે એમ જાણ્યું, ત્રીજી બોલી વેહમી કહ્યાની સાબેતી માત્ર તેણીના અંગ ઉપરના દાગીના છે અગર એ સ્ત્રી ખરેખરૂ અપરાધી હોતતો તેના અંગ ઉપરના અમુલ્ય સણગાર કદી પણ તેનો ભરથાર રહેવા દેત નહિ માટે તે વેહમીછે અને વેહમ ખાધાથીજ આ પતીવ્રતાને મારી નાંખીછે, ચોથી ચતુરા બોલી મેં તે શાહજાદો ઓળખ્યો તે ફક્ત તેની આંગળીમાં વીંટી છે તે ઉપરના અક્ષર ઉપર મારી નજર ગયાથી ફલાણાનીજ સ્ત્રીજ છે એ હું કહી શકી, બાદશાહ અને તેમાં સઘળા દરબારના લોકો શાબાશીના વરસાદ શાબાશીના વરસાદ વચ્ચે નગરશેઠની ચારે કન્યાઓ દરબારમાંથી ઉતરી પોતાના મહેલે ગઇ.

પુજીઆની માએ ગૌત્રાટ ઉજવ્યો.

વીસનગરમાં પિતાંબરદાસ નામે એક વાણીઓ રહેતો હતો તેને એક નાથી નામે ઓરત હતી તે ખાધાની ઘણી લોભીયણ હતી, તેથી ખાધાની ચીજ હરઘડી પોતાના મોઢામાં નાખ્યા કરે એટલુંજ નહી પણ તે ન હોયતો નળીઆં અથવા કાળી માટી અને છેવટ રાખોડી જયાં હોય ત્યાંથી લેઈને ડબુડબ પોતાના મોઢામાં નાંખીને ખાઇ જાય, એવી રીતે હરેક ચીજ પણ વારે ઘડીએ પોતાના મોઢામાં નાખ્યા વગર ચાલે જ નહિ એવી તેને કુટેવ હતી, અને તેને પુજીઓ નામે એક છોકરો હતો તે પણ પોતાની માના સભાવ સાથે મળતો હતો, હવે એક દીવસે પીતાંબરદાસને પોતાની ઓરત પાસે ગૌત્રાટનું વરત કરાવ્યાની મરજી થઈ, તે વરતમાં ત્રણ દીવસ સુધી લાગટ નકોરડા ઉપવાસ કરવા પડે છે. ને પછી ચોથે દીવસે પોતાની શક્તિ પ્રમાણે તે વરતોનું ઉધાપણ કર્યા પછી બ્રાહ્મણને જમાડીને પછી તે વરત કરનાર જમે, એવી રીત છે તે વરત પીતાંબરદાસની આગન્યાથી તેની ઓરતે આદરયું તો ખરૂ પણ તેને પોતાનું મોઢું વશ રાખવું ઘણુંજ મુશ્કેલ થઇ પડયું ને તેના સગા વીગેરેને તો ખાતરી છે કે એ વ્રત એનાથી પુરૂ પાશરૂં થનાર નથી પણ પીતાંબરદાસની ઓરતેતે વ્રતનો એક દીવસ તો જેમ તેમ ખાઉ ખાઉ કરતા મહા દુખેથી કહાડયોને બીજે દીવસે તે વ્રતના ઉધાપણની સ્થાપનમાં દેવના નવેદનું કેળું પડયું હતું તે ગોરની નજર ચુકાવીને ગપથી લઈ લીધું, પછી ઓરડે જઇ છુપીથી તે કેળું

કોહડવા લાગી, તેને રસ્તે જતાં પીતાંબરદાસના એક મીત્રે પાછલી બારીમાંથી જોયું કે તાળીદથી બોલાવવા લાગ્યો કે એ પીતાંબરદાસ એ પીતાંબરદાસ જરા આમતો આવો તેને જવાબ દીધો કે આજતો અમે ગોત્રારની ગરબડમાં છીએ તેથી આ અમારો પુંજીઓ આવે છે તેને જે કેવું હોય તે કહો. ત્યારે તેને મોટે અવાજે જવાબ દીધો કે શું કહું તમારૂ કપાળ પુંજીઆની માએ ગોત્રાટ ઉજગ્યો, આવું સાંભળીને પીતાંબરદાસ ઉઠીને જુવે છે તો પીતાંબરની ઓરતના મોઢામાં કોળુ છે તે જોઇને જતાકને બે ચાર થપડાકો જડાવી દીધી પણ બીચારીનું મોહું કેલાથી ભરેલું હતું તથી કાંઇ બોલી શકાયું નહી ને બીચારા પીતાબરને પૈસો ખરચેલો પાણીમાં ગયો, એટલુંજ નહી પણ આખા ગામમાં ખબર થઇ ગઈ અને તે પીતાંગરદાસ પોતાના પુંજીયાને સાથે જયાં જાય ત્યાં તેને લોકો કેવા લાગ્યા કે કેમ પીતાંબરદાસ તમારા પુજીયાની માએ ગોત્રાટ ઉજળ્યો કે, તેનો પીતાંબરદાસને જવાબ દેવો જડયો નહી અને તે વાતને ઘણા વરસ થયા તોપણ આજ દુનીયામાં પુજીયાની માએ ગોત્રાટ ઉજગ્યો એ કહેવત મશહુર થઇ પડી છે.

ભૂલા ચૂકયાનો માબાપ અલિ.

એક ગામમાં અલીભાઈ નામે હોરાજી રહેતો હતો. અને તેને છોટી બુ નામે એક ઓરત હતી, જે ખુબસુરત કદની હતી અને અલીભાઈ બીચારો થોડી અક્કલનો હતો, ને તેને અમરૂદીનનામના હોરાજી સાથે ઘણી દોસ્તી હતી. તે એવી રીતે કે એકના એકના અંતઃકરણની વાતં જયારે બંને ભેગા થતા ત્યારે કરતા, હવે એક દીવસે અલીભાઈ અમરૂદીનની પાસે જઇને કેવા લાગ્યો જે દોસ્ત આજે ફજરમાં હુએ કોન જાને કે કીયામુજીનું મોરૂ જોઇને હુઠયો હતો કે મારે આજે એક મુશલમાન સાથે કજીઓ કરવો પંડો, એમ કહી કેવા લાગ્યો જે એક મુસલમાન કઇ ઓળખાન કારતો ફજરમાં મારે ઘેર આવો;અને બુબી જોસા ઉપર બીથી હુતી તેને આંખોનાં ઈસારા કરવા મંદો, ત્યારે આપરે જાનુ કે હસે સાલી તરકરાની જાતને કોન મોરે લગરે તારે સાલોતો વળી જોસા પર જઈ બીથો તો પણ આપણે જાનુ કે હશે સાલી તરકડાની જાતને કોન મોરે લગરે પછીતો ધીમે ધીમે બુની પાસે સરકવા લાગો તો પણ આપણે જાનુ કે હશે સાલી તરકડાની જાતને કોન મોરે લગરે પછીતો બુના પગપર હાથ નાખવા મંદો તોપણ આપણે જાનુ કે સારી તરકડાની જાતને કોન મોરે લગરે પછીતો અમરૂદીનભાઇને શુ કહુ હુંગ કરતા તો સાળો બુઇના આંગળ હાત લાખવા મંદો પછીતો મુજથી સેન થઉ ના તે એકદમ બંદાનો તો મીજાજ ગયો પછી શુ પુછવું પરે સાબુતી બનીઓથી ને દીવાસળીની જુરી-


થી મારતો કુતો ઇમ કરતા બંદાના હાથમાં (પોતાની દાઢી પકડીને કહેવા લાગો) રૂની પુનીઓ આતી કે આપડે તો પછી તે ખુબ માર મારવા માંદો ને બાઇ ને શું કહું કે બીંદાએ તે રૂની પુની આના એવાં તો સપાટા તરાતર ખાંચી કારા કે સાલાના માથામાં દર દર દર દર લોઇ નીકળવા લાગુ તે સીસીતાનો સાલો ગભરાઇને નાથો ને બંદા પણ તેની પાછળ પકરવા દોરો તેસીતો સારો બીમનો ગભરાઇને ઝરપ ઝરપ સીડીઓ ઉતારવા લાગો તેસી સારો એક સીરી ભુલો પરો, મેં આખરે લીપસો લીપસો તો લીપસો પને છતાપાત લગો થઇને પરો ને ખુદાની ખુદર શામેલી શીરી ભૂલી પરોને સાલાની પાછળ લીપસે (કપાળ હાથ લગાડી એમાં વાગો પેસી કેરો કુટાઈ ગઇ આવું સાંભળી અમરૂદીન બોલા કે મીયાં પરસીમાં ઘણું વાગુ હોય તો ખાંબા હલદી સાજી ખાર મેંદા લકડી થોરા પજને થોરા લાઠેર લઈ પુની પાસે ખુબડુ તાવી ગરમ ગરમ કરીને લગરી દો એટલે અવાના થઇ જશે પનધારૂ અલીભાઇ આવું ધાંધલ જોઈ મુક કાંઇ ન બોલાં જવાબ દીધો કે મીયાં તમે તો શાના અલ્લાના વલી છો બીમારૂ બેરૂ માનસો શું બોલો એમ કહી પોતાના ઘેર ગયા હવે આ અલીભાઇ હોરાના સામો એક અબદુલ નામના પઠાણ રહેતો હતો તે રોજ છોટી બુને આંખ્યોના ઇશારા કરતો હતો; અને અલીભાઈની પણ મશ્કરીમાં કહેતો હતો કે મીયાં એક દીવસ મને તમારા ઘરમાં જમવા લઇ જાઓ ને છોટીબુના હાથના પકવાનનો સ્વાદ ચખાડો આ વાત સાંભળવાથી અલીભાઇ ઘણો ગુસ્સામાં આવતો અને અબદુલાનુ ઘણી ગાળો દેતો હતો તથી અબદુલા કહેતો કે મીયા તમને દીસે

જોતાતો ખરે હું માદી મેળે આવીશ ત્યારે અલીભાઈ કહેતો સાલા જો આવો તો જુતીસી મારૂ હવે અબદુલો દીવસની વખતે ઘણી વારે અલીભાઇની ઘેર હાજરીએ તેને ઘેર જતો હતો. પણ તેણે છોટી બુકુને જણાવ્યું કે એકદીન એવી ગોઠવણુ કરવી જોઇએ કે અલીભાઇને કાંઇ કારણસર રાતની વખતે ઘરમાંથી બાહેર કાઢીને આપણે બંને જણ એકઠાં ઘરમાં રહી એસઆરામ કરીએ હવે છોટી બુકુએ એ કામનો એક દીવસ નક્કી કર્યો અને તે દીને રાતના અગીયાર વાગે જણાવ્યું મીયા મારા પેટમાં બહુ દુખેછે તેથી તમે હકીમજીને ઘેર જઇ મારે સારૂ કાંઇ દવા લાવો આવું સાંભળી અલીભાઇ દવા લાવવા ઘરમાંથી બાહેર નીકળ્યા અને કહ્યું કે જે વારે હુ હકીમજીને આહીંઆ સીપવા લઇને આવીશ ત્યારે તુને સાદ કરીશ કે બુકુ અરે બુકુ બારનુ ઉઘાડો ત્યારે તુ ઉઘાડજે છોટીબુએ જવાબ દીધો કે ઠીક. પછી અલીભાઈ દવા લેવા ગયા તે લાગ જોઈ અબદુલો ઘરમાં આવ્યો અને બારણું બંધ કર્યું પછી છોટીબુ સાથે હરામ ઇલતની ગમતમાં પડ્યો થોડી વાર પછી અલીભાઇ મોહોલામાં પાછો દાખલ થયો અને પોતાને ઘેર આવી બારણું ઠોકવા લાગ્યો કે બુકુ અરે બુકુ બારનુ ઉગાર તે અવાજ સાંભળી ઘરમાંથી અબદુલો બોલ્યો કોન સાલા દરવાજા ઠોકતા હે આવું સાંભળીને બાહેરથી અલીભાઇએ વિચાર કર્યો કે આ કોઇ બીજાનું ઘર છે નહીરે સાહેબ નહી એતા મેં ભુલો પરો છું એમ કહી પાછો મોહલાની બાહેર ગયો ને ત્યાં મહોલાને નાકે એક મસજીદ હતી ત્યાં આવીને ઉભો પછી પોતાનો હાથ લાંબો કરી બોલવા લાગ્યો કે આ આપરા મેલાની સમઝીહને આ આંબલીનુ ઝાડ

છે આ લીંમનો લીંમને ડાળને ડાળ હાસમજીની અગારી ને હાસ-
મજીની પીછારી આ મુસાભાઇની મેરીઆ ચાંદમીયાની ખીરકી આ-
નુરૂદીનનુ ઘર આ વલ્લીશાનો કુવોને આબંદા(અલીભાઇ)નુ ઘર એક
એને તરન આ સીરીની આપની એમ કહી પોતાનું બારણુ ઠોકીને
સાદ કર્યો કે બુઅરે બુબારનું ખોલ તે સાંભળી ઘરમાંથી અબદુલાએ
કહ્યું કે કોણ સાલા દરવાજા ઠોકતા હે અલીભાઇએ જવાબ દીધો
કે નહીરે નહીં એ તો મેં ભુલો પરો છુ એમ કહી પાછો ગહેલા
બાહેર ગયોને પાછો પોતાના ઘરની એંધાણી મેળવવા લાંગો કે આ
આપરા મેહલાની મસજીદ આ ઇમળીનુ જારને આ લીંમનો લીંમને
તેની પર દળની દાળ બીતાનીતા મોતી રહી હાસમજીની આગારી
કાસમજીની પીછારી આં મુસામાલાની પરીમા ચાંદમીયાની ખીરકી
આ હેરદીનનું ઘર ને આ વલીસાનો કુવો અને આપરૂ અલી-
ભાઇતું ઘર એક એને તરન આ સીરીની આપની એમ કહીને
બારણુ ઠોકવા લાગ્યો કે બુ અરે બુઉ બારણું ખોલ તે સાંભળી ઘરમાંથી
અબદુલો બોલ્યો કે કયુ બે સાલે ચોરબોર હે કયા લરલડી દરવાજા ઠો-
કતા હે ત્યારે અલીભાઇ ગભરાઇને બોલ્યો નહીરે સાહેબ નહી
એ તો મે ભુલો પરો છું એવી રીતે ઘણા ધક્કા ખાઇ પાછો
[illegible]
આજે સારૂં ઇમ કીમ થાય છે જેરૂં પાંચસા (પાંચ) ધક્કા ખાઇ
ચુકો પણ ઘર નથી જડતું એમ કહી પાછો પોતાના ઘરની એંધા-
ણી જોતો જોતો પોતાના ઓટલાના ગગથીઆ પહેલાથીજ માફક
ગણીને ઉપર ચડી બારણું ઠોકવા લાગ્યો કે તુરતજ અબદુલો અં-
દરથી બુમ પાડતો હાથમાં એક ડાંગ લઇને બાહેર નીકળ્યો એને

કેવા લાગ્યો કે સાલે હરામકે કયું હર દફે આકે દરવાજા ઠોકતા હે આવું જોઇ અલીભઇ ગાભરો પડી ઓટલા ઉપરથી નીચે કુદી પડયો અને હાથ જોડી કેવા લાગ્યો જે અરે મેરબાન માફ કરો એતો મેં ભુલો પરો હું હવે અબદુલો આવી ધડપકડ કરી બાહેર ગયો પછીથી અલીભાઇ ધ્રુજતા કાંપતા ઘરમાં ગયા ને પુછયું અરે આપરા ઘરમાં કોન આવ્યું હતું અને મને ગારો કોન આપતું હતું મેં બરોબર નીસાનીથી આપનુજ બારણું ઠોકતો હતો. કે કંઇ કંઇ ભુલો પરો હતો છોટી બુએ તેને જણાવ્યું કે આપણા ઘરમાં ભુલા ચુકાનો બાબાપ હતો અલીભાઇ સમજ્યો કે ઘરમાં કોઇ ચોર આવ્યો હશે તેથી આવ્યો તેણે પોતાની ઓરતને પુછયું કે ઘરમાંથી કાંઇ લેઇ ગયો છે કે છોટી બુએ જવાબ દીધો કે મીયા તેતાં સઘળુ ઘર ખાલી કરી લેઇ જાતે કાંકે મેતો બઇરૂ માનસ એને મારા શીવાય ઘરમાં બીજું કાંઇ મીલે નહીં તેથી હુએ તેને બીજી રીતની લાલચ લગારી જેથી તે ચોરી કરવી ભુલી ગયો અલીભાઇએ પુછયું કે રે બુઉ સાલાએ તુને ઘણી ઇજા દીધી હશેતો જવાબ દીધો કે ના મીયા હુએ તેને એની ગમ રીપેલી તેનને પેલી એસરી તેની ગેમ એમ કરી બુકુ તાણી ગોરાવીને સાલાજોઇ ફાવી લાણો પછી તો ઘણો અભરાઇને આખરે હાથમાં દાંગ લઇ જે નાસવા લાગ્યો અલીભાઇએ છોટી બુને સાબાસી આપી જે જણાવ્યું કે બુ તારા જેવી ઘર રાખુ આનો એકીઘર બરીો ઘોરોજ થશે કીમ કે તુએ મારે લઃ ચાર્વીજો ઘરના સામાન બચાવ્યો તે વળી હે આની ગેરસીયાની ગેમ હટાબી જે કારી મુકો પછી અલીભાઇ ઓસડ લાવ્યા કતા તે બુને આબતા લાગ્યા બુએ કહ્યું જે મીયા.

હવે દવાની જરૂર નથી ત્યારે આવો તો હકીમજી કે ગજવામાં પેસ-
તાનું દરદ જાતું રહ્યું, આવું સાંભળી અલીભાઈ ખુશી થયા, ને
બોલ્યા જેટલો તારે તો ઓસડના પૈસાથી બચ્યા ફજરે હકીમને
ઓસડ પાછું આપી આવશું.





આંધળે બેરૂ કૂટી ખાધ્યું;

ચંચાશી નામે ગામમાં એક પ્રેમદાસ નામે ધણીએ આશરે સાઠ વરસનો થઇ એક નવ જોબન ઓરત સાથે પરણ્યો ને તે ઓરત ઘણીજ રૂપવંતી હતી ને પોતાની જુવાનીના તોરને લીધે બુઢો ખાવંદ તેને ગમતો નહોતો તેથી તેણ એક ગબરૂ પઠાણ સાથે દોસ્તી કરી તે પઠાણ કને બહેરો હતો, પણ રંગીબાજીમાં ખુશ રહેતો પેલી ઓરતે પોતાના મનમાં વિચાર કરયો કે આ બુઢો ધ-ણી જો આંખે આંધળો થાય ત્યારે એશઆરામ કરવામાં મને કાંઈ અડચણ રહે નહી એવું ધારી દરરોજ મહાદેવની શેવા કરી પોતના ધણીને આંધળો થવા માગતી. તે પેલા ચતુર પ્રેમદાસે જાણ્યું ઓર-તનું પુરૂ પારખું જોવા સારૂ તેણે પોતની આંખો મીચીને ધીરે ધીરે આંધળાનું ચીન્ય દેખાડવા માંડ્યું ને ઘરમાં ફરતો પણ પો-તાના બે હાથ આજુબાજુ હલાવતા ફરે ને લોકો કહે તો મારાથી સુદલ દેખાતું નથી હવે મારી શી વલે થશે, ત્યારે લોકો કહે જે બાઇ આપણે શું કરીએ પરમેશ્વર કરે તે માથા ઉપર એમાં આપણો કાંઇ ઈલાજ છે.

હવે પ્રેમદાસની ઓરતે જાણું જે મહાદેવ પ્રશન થયા ખરા હવે કંઈ ડર નથી પછી તો પોતાના પ્યારા પઠાણની સાથે પો-તાના મન ગમતો ખુબ એશરામ કરવા લાગી એમ કરતાં પોતાના

ઘરમાં કોઇ બીજો માણસ આવે ત્યારે પેલા ગબરૂ પઠાણને એક પેટીમાં અંદર સંતાડી દેતી તે કોઇ જાણતું નહી પણ પેલો પ્રેમ દાસ પોતાના ઘરમાં થતું કર્મ ઝીણી આંખો કરીને જોયા કરતો એમ કરતા કેટલા દીવસે હોળીનો દહાડો આવ્યો ત્યારે પેલા પ્રેમ દાસે પોતાની વાણીયા બુદ્ધિ ચલાવીને કાંઇ કારણનું બહાનુ જણાવી જે નાતીના પંચને પોતાના ઘરે તેડયા જે વખતે પેલી વ્યભીચારણી ઓરતે પોતાના પ્યારા પઠાણને પેટીમાં ઘાલી તાળુ દીધું તે કોઇના જાણવામાં આવ્યું નહિ પણ પ્રેમદાસ તેથી વાકેફ હતો. તેણે પોતાને ઘરે આવેલા પંચને આજતો હોળી માતાએ મને સ્વપ્નામાં કહ્યું જે તારા ઘરની મોટી પેટીની અંદરની મીલકત સુધાં અકબંધ હોળીમાં હોમી દે તો તું જરૂર આંખે આંધળો મટે તે સાંભળી પંચે જવાબ દીધો કે વાહવા ? વીવાથી રળીમણું શુ ? તમે આંખે દેખતા થશો તો પેટીની મીલકતના શા ભાર છે પૈસો ઝુડી છે વળી પરમેશ્વર કાલે આપશે ત્યારે પ્રેમદાસ બોલ્યો જે ત્યારે ઘરમના કામમાં ઢીલ શી, બોલાવો તારે હોળીના ઘેરૈઆને અમે વાજતે ગાજતે ધામ ધુમથી આ પેટી છે તે ઉચકીને હોળી માતાને અર્પણ કરીતે વાર લગાડશો નહી કેમકે મારી આંખે જરાજરા દેખાતા માંડયું છે આહું સાંભળી પ્રેમદાસની ઓરતના પેટમાં તેલ રેડાયુ ને ગભરાઈ ગઇ પણ આબરૂને લીધે કાંઇ બોલી શકી નહીં ને પેટીમાં પેહેલો પઠાણ તો બહેરો હતો તેથી તેણે કાંઇ સાંભળ્યું નહી પછી ઘરધણીના હુકમથી પેલા પંચ તથા હોળીના ઘેરઆઓઓ મળીને ધામધુમથી ઝંબે ઝંબે કરતા પેલી પેટી ઉચકીને ગામની મોટી મોટા હોળીમાં હોમી દીધી તે ઉપર ખુબ

લાકડા છાણા મુકીને ફુંકી મુકી. તે બળીને રાખ થઇ ગઇ ને પેલા પઠાણની તો એધાણી સરખી કોઇના જોવામાં આવી નહિ પણ તે બળવાથી જરા ગંધ આવવા લાગી તેથી લોકો સમજ્યા કે પેટીની અંદર લુગડાં હશે તે ગંધાય છે પછી પેલો પ્રેમદાસ આંખો ઉઘાડીને ઝંબે ઝંબે કરી છોકરાંની સાથે નાચવા કુદવા લાગ્યો ને મોઢેથી કેવા લાગ્યો કે આંધળે બહેરૂં ખોળી બાળ્યું આંધળે બહેરૂં ખોળી બાળ્યું એવી રીતે આખી રાત ધમચકડ કરી બીજે દીવસે પોતાની ઓરતનું નાક કાપીને કાઢી મુકી.



બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.

એક શહેરનો પાદશાહ હાથીના હોદાપર બેશીને સ્વારી નીકળી તેને જોઇ સઘળા લોકો સલામ કરવા લાગ્યા. તથા રસ્તે ઉભેલો એક પાટીદારનો છોકરો બાદશાહને સલામ કરવાને બદલે ઉલટા પોતાના બે હાથ કબજે કરી લીધા (બગલમાં માર્યા) પણ સલામ કરી નહિ તે જોઇ પાદશાહે પેલા પાટીદારના છોકરાને કેદ કરાવ્યો. તે ખબર તેના ભાઇને થતાંજ બાદશાહના હાથી આગળ આવીને કહેવા લાગ્યો કે એ મહારાજ મારા નાના ભાંઇને કેદ શા માટે કર્યો, જવાબ દીધો કે તારા નાના ભાઇએ મગરૂરીથી મને સલામ કરી નહી ને ઉલટા બગલમાં હાથ ઘાલી દીધા. આવું સાંભળી તે બોલ્યો કે એ બાપજી એ નાનું છોકરૂં સલામ કરવામાં શું સમજે એમ કરતાં એના વતીનો હું તમને સલામ કરૂં છું, આ પાટીદારના છોકરાનું કહેવું સાંભળી પાદશાહે ગુરસો કરીને તેને પણ કેદ કર્યો, આવી ખબર બન્ને છોકરાના બાપને થઈ તેથી તે બીચારો દોડતો દોડતો પાદશાહના હાથી આગળ ફરી વળીને સ્વાસ ભર્યો કેવા લાગ્યો કે એ પાદશાહ મારા બંને છોકરાઓને વગર વાંકે આમ બંધીખાને નાંછ્યા બાપજી, પાદશાહે જવાબ દીધો કે તારા નાહાના છોકરાએ તો મને સલામ કરવાંને બદલે ઉલટા પોતાના હાથ બગલમાં મારી લીધા ને તારા મોટા છોકરાએ તો મને સલામ કરી તે ઠીક છે, પણ મશકરીથી

મારા પેટની દુટીને સલામ કરી તેથી બંનેને કેદ કરયા. આવું સાંભળી તે લાલદાસ પટેલ બોલ્યો. કે માહારાજ મારો નાનો નં ધડીઓ તો બાળક છે એ સલામ કરવામાં શું સમજે ને મોટો તો રાંડે જણ્યો ઘેલ ફાડ્યો છે એમ જે પાદશાહ તો ધણી છે તેને સલામ કરવી તે તો ઠીક પણ પાદશાહની દુટીમાં દેવતા એ લવો છે. આવું સાંભળતામાં પાદશાહ એકદમ ગુસ્સે થઈ તે લાલદાસ પટેલને પણ તેના છોકરાઓની હજુરમાં બેડીઓ જકાવી રવાના કરી દીધો આવી ખબર તેના બીજા બે દુધભાઈઓને ખબર થઈ તેથી તે પણ બીચારા પાદશાહ પાસે આવીને કેવા લાગ્યાં કે ઓ પરવીનાથ આ અમારા સગાને બંધીઆંને નાંખ્યા છે તેને મેહેરબાની કરી છોડી મુકવા જોઈએ કારણ કે એ બેવકુફ કાંઈ બોલવાની વગકવગ સમજતા નથી. માટે ગુન્હો માફ કરવો જોઈએ આવું સાંભળી પાદશાહે તેમને પુછ્યું કે અલ્યા દુધભાઈ એટલે શું તે અમને સમજાવો. જવાબ દીધો કે, જાણે પાદશાહનો બાપ મરી જાયને પછી પાદશાહની મા પાદશાહને લઈને નાતરે જાય ને પછી ત્યાં પાદશાહની મા બીજા છોકરા જણે તે તેને પાદશાહ દુધ ભાઈ કહેવાય તેવી રીતે અમે પણ દુધભાઈ છીએ. આવું સાંભળી પાદશાહને તો પગથી તે માથા સુધી જ્વાળા લાગી ને એકદમ ગુસ્સે થઈ તે બે જણને ફાંસીનો હુકમ કર્યો તે જોઈ વજીરે કહ્યું કે ખુદાવંત એ પાટીદાર લોકો તો મુર્ખ હોય છે તેથી બોલવામાં સમજતા નથી એવી રીતે પાદશાહને સમજાવી તે બે જણને પણ કેદમાં મોકલાવી દીધા. હવે એક ઘરનાં પાંચ માણસ કેદમાં મોકલાવી દીધા, હવે એક ઘરના પાંચ માણસ કેદ

ગયાં જાણીને પાટીદારની સઘળી નાત એકઠી થઈને પાદશાહ પાસે જઈ કેવા લાગ્યા જે માબાપ અમે તમારા છીએ માટે અમારી નાતના સખસોનો ગુનો માફ કરી તેમને છોડી મુકવા જોઈએ હવે માબાપ હમે તમારા છીએ આવું પાટીદાર લોકોનું કેહેવું તેમના ચારા નશીબે પાદશાહ સમજ્યા નહી ને ગુસ્સામાં હતા તેથી તે લોકની ફરીયાદ કંઇ સાંભળી નહિ ત્યારે વજીરને કાલાવાલા કરી કહેવા લાગ્યા ત્યારે તેણે કહ્યું કે પાદશાહ તો ગુસ્સામાં છે તેથી તમારૂં કાંઇ સાંભળનાર નથી માટે તમોં બેગમની પાસે જઇને કાલાવાલાં કરશો તો તમારૂં કામ થશે પછી પાટીદારની સઘળી નાતના લોકો બેગમની પાસે જઇને કહેવા લાગ્યા જેઓ બેગમ સાહેબ આપને અમારી એક અરજ છે તે અરજ અમે પાદશાહ સાહેબને કહી પણ અમારા ધણીએ તો કાંઈ સાંભળ્યું નહિ અને તું અમારી ધણીઆણી છે તેથી જો કાંઇ સાભળે તો સાંભળે, આવું સાંભળતાં બેગમ સાહેબ તો ગુસ્સે થયાં કે આ લોકો કેવા છે કે મને પોતાની ધણીઆણી કહે છે માટે એ લોકોને તુરત કેદ કરી દો. એમ કરતાં બે ચાર દીવસ થઈ ગયા પછી વજીરે પેલી વાત પાદશાહની આગળ કાઢીને કહેવા લાગ્યો કે એ પાટીદાર લોકોની બોલી તો પથ્થર જેવી હોય એ લોકો કહેવા જાય માંશરૂ ને બોલી જવાય અવળું પણ એ કંઇ કપટથી નથી. બોલતા પછી પાદશાહ બોલ્યો કે તે કહે છે ખરૂં એ લોકોની કપટ વગરની પણ કોવાડા જેવી છે એમ કહી સર્વે જણને છોડી મુક્યા હવે તે સર્વે જણા પોત પોતાને રસ્તે ચાલ્યા અને પેલા બન્ને લાલાને કસુંબો પીવાની તલપ થઇ તે રોતે એકલો એક ઝાડ

તળે જઇ બેઠો અને પોતાના ગજવામાંથી અફીણ તથા એક ગાં-ડકી કાઢીને ભરી તે નીચે મુકી પછી કંઇ હુંગાર (મુખસ્વાદ) વીચારમાં બેઠો. એવામાં પાસેની ઝાડીમાંથી એક રાની બલાડું ગાભરૂ પડયું જે દોડતું આવ્યું તેના પગની ટોકર વાગવાથી કસુંબાની વાડકી ઢોળાઇ ગઇ. ત્યારે તે લાલદાસ પટેલ બોલ્યા કે હવે તુને શું કહું પણ એ વાત તારા કોઈ વડીલને કહીશ એમ કહી પોતાની વાડકી લઇ સઘળા જનાવરોને જોતો પોતાના ઘર તરફ ચાલ્યો એટલે રસ્તામાં એક ખેતર આગળ એક ગધેડો ઉભે-લો જોયો તેથી મનમાં વીચાર્યું કે આજ પેલાનો વડીલ દેખાય છે એમ ધારી તે ગધાડાની પીઠ ઉપર હાથ મુકી કહેવાનો ઇરાદો કર્યો એટલામાં તો તે ગધેડાએ એક પછાડી થડ લંઇને લાત મારી તે વાગવાથી ઓ બાપરે કરી છતપાટ પડયો. આવું જોઈ તે ગ-ધેડાના માલીકે પુછ્યું જે કાકા શું થયું લાલદાસ બોલ્યા કે ભાઈ તારા કાકાનું કપાળ થયું જે તેના વડીલ આવા છે તેના છોકરાનો શો વાંક કાઢું કેમકે બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા,

નહિ ત્રણમાં નહિ તેરમાં નહિ છપનના મેળમાં

રાજપુર શહેરમાં એક શેખમીઆં નામનો એક જમાદાર રહેતો હતો તેમણે ઉમરાવબખસ એવા નામની. એક કસબણ રાખી હતી તેની સાથે હમેશાં મોજશોખમા રહેતો ને પોતા ઉપર તે કસબણનો વધારે પ્યાર જોઈ તે એવું ધારતો હતો કે આ કસબણ એવુંજ જણાવતી હતી અને તે જમાદાર પણ પોતાનો પગાર લાવી તે કસબણને સ્વાધીન કરતો હતો. આવી હરામ લતમાં પડવાને લીધે તે મીયાંને સરકારની નોકરી બરાબર થઇ શકતી નહિ તેથી નોકરીમાંથી બરતરફ થયા પછી જમદારને ખરચની ઘણી તંગી પડવા લાગી. ત્યારે વળી કસણને કાલલુડી કરી કહેવા લાગ્યો જે અબતો મેરા ઈરાદા કોઇક શહેરમાં કમાનેકું જાનેકા હું ચાહે ઉસુલીએ મુજે મુસાફરી કે ખર્ચ કે વાસ્તે રૂપે દે ફીર મેં જો કમા લાઉગા સો મેં તેરે હવાલ કરૂંગા તેરા શિવાય મેરા દુસરા કો નહિ, એવું સાંભળી કસબણે જવાબ દીધો કે ઓ મેરે પ્યારે મુજેબી આપને સીવાય દુસરા કોઇ નહી હે આપકુ જોઇએ તેટલા રૂપીએ લે જાઓ લેકીન મુજે તુમારા બીના ઘડીભર ચેન નહિ પડેગા. આવું સાંભળી મીઆં એ ઉમરાવ બખસના ગળામાં હાથ નાંખી ચુમો (બચી) કરી કહેવા લાગ્યો જેઓ મેરી દીલજાન પ્યારી હયાતે હોવીંગે તો ફુબી મીલીગે એમ કહી તેની

પાસેથી બસે રૂપીયા લઇ દેશાવર ચાલ્યા. પછી થોડેક દીવસે એક શહેરમાં જઈ રાજ મારગ ઉપર એક મેડો ભાડે રાખ્યો ને પોતાની પાસેની ખરચી પુરી થવા આવેલી તેથી લોકોનું દયણું દળી ખાવાના વિચારથી એક ઘંટી ખરીદ કરી લાગ્યો ને પછી આસપાસના ગૃહસ્થો લોકોનું દયણું મંગાવી વેચાતી દળવા લાગ્યો અને પોતાની પાસે એક જોડી કપડાં હતાં તે લઈ દરરોજ સવારમાં નદી ઉપર જઈ ખુબ સાબુ લગાડીને ધોઇ લાવતો તે પેહેરીને માથે ડોડી પાઘડી બાંધીને મુછોના આંકડા મરડી ઠાઠમાઠથી કચેરી વખત થાય એટલે દરબારમાં જઇ સૌની નજરે પડે તેમ એક ઠેકાણે હમેશા બેસતો અને કચેરી બરખાસ્ત થયા પછી પોતે પોતાને ઠેકાણે જઇ ચકીનું કામ ચલાવતો (દળતો) એમ કરતા કેટલાએક દીન ગયા. તે રાજા હમેશાં કચેરીમાં બેઠેલા તેને જોતો અરે રાજા જ્યારે હાથીના હોદાપર બેશી શહેરમાં ફરવા જતા ત્યારે પણ તેને રસ્તાપર ચકી ફેરવતો જોતો તેથી રાજા મનમાં જેઓ પુરૂષ કોણ છે જે હું એને કચેરીમાં મોટા ઠાઠમાઠથી સૌની પાછળ બેઠેલો જોઉછું અને એજ ઠેકાણે પણ હમેશાં ચકી ફેરવતો પણ જોઉછું તેથી એ એક જણુ છે કે એક શીકલના બે જણુ છે તેનાં વીચારમાં હતો હવે બીજા દહાડે રાજાએ પાછો કચેરીમાં જોયો એ એવામાં રાજાની ને પેલા ચકી પીસનાર જમાદારની એક નજર થઇ. તેથી રજાએ મનમાં વીચાર્યું કે એને ઇસારતથી પુછી જોઉ કે પેલો ચકી પીસનાર તુંજ એવું ધારી રાજાએ પોતાનો હાથ ઉંચો કરી ગોળ ફેરવ્યો કે ઝટ પેલો ચકી ફેરવનારો ચેત્યો. તેથી લાગલો ધુંટણુ મરડી ઉંચો થઇ પો-

તાની છતી ઠોકવા લાગ્યો (કે તે હુંજ) જ્યારે રાજાને ખાત્રી થઇ કે પેલા ચક્રી ફેરવનાર એજ સખસ છે પછી કચેરી બરખાસ્ત થઇ ને રાજા પોતાના મેહેલમા ગયા એટલે તમામ અમીર ઉમરાવો તથા વજીર કોટવાળ કાજી વીગેરે વીચારમાં પડયાં અને એકદમ પેલાં મીઆં શેખની આજુબાજુ વીંટાઇ વળ્યા ને નમ્રતા પુર્વક પુછવા લાગ્યા કે જમાદાર સાહેબ તમને રાજાએ હાથની ઇસારતથી શું સમજાવ્યું કે જેથી તમે છાતી ઠોકી કબુલ થયા, એ વાતનો ખુલાસો મેહેરબાની કરી કહો ત્યારે શેખમીઆં પોતાની મુછ ઉપર હાથ ફેરવી ધીમે અવાજે કહેવા લાગ્યો છે તુમકું કે નેકી હમકું કયા મતલબ હે હમકું તો ફક્ત રાજાંસે મતલબ હૈ ઓર રાજાકું બી ફક્ત અમેરેસી મતલમહેં આવો વજનદાર શબ્દ સાંભળી તમામ કામદાર કારભારીયો વીગેરે મીયાંને હાથ જોડીને કેહેવા લાગ્યા જે મેહેરબાન જમાદાર સાહેબ આપના તાબેદારોને રાજાની સમશાથી વાકેફ કરવા જોઇએ ત્યારે મીયાં બોલ્યા કે સુનો યારો મેં અદલ મીરજાપુર શેહેરના દીવાન થા ઉસ જગે રાજા કે સંગ મેરે તકરાર હુઇ ઉસલીએ મેં એ મુજકી નોકરી છોડ દીઇ એ સબ હકીકત ઓ રાજાકું ખબર હે ઉસલીએ ઉનુને મેરેપર પ્યાર કરકે હાથ શીરાકે મેરેકુ ઇસારનમેં કહ્યા કે તુમ મેરા સબ કારભાર ચલા શકોગે તબ મેંને છાતી ઠોક કે કહ્યા આપકી પરવસ્થીસે સબ કર સકુંગા ઓર રાજાને દરબાર મેરે જાને જાને ઇસારત કરકે જડજે મુલ ફરજમાં બુલાયા હે આવું સાંભળી તમામ કામદારોએ પોત પોતાના ચાકરને પોતાને ઘેર મોકલી

ઇએ બસો કોઇએ ચારશો કોઇએ હજાર ને કોઇએ પાંચ હજાર એવી રીતે રૂપીઆ મંગાવીને. મીઆંને નજરાણા દાખલ આપીને કહેવા લાગ્યા જે ખાંસાહેબ અમો ગરીબોપર મેરબાની કરી નભાવી લેશો એવું સાંભળી ખાંસાહેબ બોલ્યા જે યારો તુમ કાયકું ડરતે હો મેં કીસીકી નોકરી મે ખલેલ નહી કરનેકા એ તુમ ખસુસ યાદ રખના અલ્લા કરેગા તોસબકી રોટી બના દઊંગા એમ કહી સર્વેને પોતપોતાને ઘેર જવા ફરમાવ્યું ને પોતે બધા રૂપીઆ એક ગાડીમાં ભરીને ભાડું ફેરવી ગાડુ હાંકવા કહ્યું ગાડીવાન પુછવા લાગ્યો જે જમાદાર સાહેબ આટલા બધા રૂપીઆ ક્યાંથી લાવ્યા બોજો બહુ દેખાય છે મીયાએ જવાબ દીધો કે સાલે ચુપ ચુપ હાંક તુને સુના નહી હે પંચકી લકડીને એકકા બોજ પછી તે રૂપીયા તે સ્હેરમાં પારેક ઉપર મોકલી અને કાગળમાં લખી જણાવ્યું કે આપણે શેહેરમાં ચકલી બજાર એવાં એક ઉમરાવબખસ નામકી કીસબણ રહેતી હે ઓ હમારી રખેલી હે ઓર ઉનકા ગુજરાનબી હમસેં ચલતાહે ઉસ લીયે એ રૂપેમેબી પાંચ હજાર રૂપે ઉનકું દેના બાકી પંદર હજાર રૂપે હમારા નામસે જમા કર રખના મે આહે તુમારે મંગતે રૂપે દેઉગા ફીર બચંગે સો મે લે લઊગા લેકીન ઉમરાવબખસકુ હુમારી બોતબોત કહે કે સલામ કહેની ઓર રૂપે દેનેકુ જાઓ તો નીસાની નામ ઠામ બરોબર પુછકેદેના ઓર જો કબી ગેરંવખ્તે પડીગે તો તુમારી પાससे મારકે મુજરે લુંગા એ ખાતરી રખના, હવે આ કાગળ પેલા પારેખને પોચતાજ હુંડી વટાવી જે તેમાંથી પાંચ હજાર રૂપીયાની ઠેલી

એ ગુમાસ્તાને માથે ચડાવીને ચકલી બજારમાં ઉમરાવબખસ તો સમજી કે કોઇ નવુ લીલ્લું (ઘરાક) આવ્યુંછે તેથી તેને ઝટ મોટા આદરમાનથી પોતાના પલંગ ઉપર બેસાડી પાન સોપારી આપી ખુશીની ખબર પુછવા લાગી ત્યારે પારેખ બોલ્યો કે ઉમરાવબખસ તમારૂં નામ જવાબ દીધો કે હાજી ફરી પુછ્યુ કે તમારો ખાસ રાખેલો કોઈ છે તે હોય તો તેનું નામ દો તે બોલી શેઠજી ૧ અદલતો રખેલેથે ને હાલમે મેરે કીસીસે મોબત નહી શેઠના ગળામાં હાથ નાંખી કેવા લાગી જે શેઠજી અબતો મેં તુમસેં દીલલગી રખુંગી, દુરરેસેં મુજે કયા મતલબ હે આવું જોઇ શેઠનું પોતીયું પલરયું પણ તમારા એક રાખેલા પાસે હું રૂપીઆ માગુછું તેનો પતો મને તમારે ત્યાંથી મળશે તેથી મેરબાની કરીને મને તમારા રાખેલાનુ નામ મને લખવો, એવી રીતે ઉલટું પુછ્યું.

હવે ઉમરાવબખસ રૂપીયાની ઠેલીયે લલચાયાં હતાં તેથી પોતાના રાખેલાના નામ લખવા તૈયાર થયા અને શેઠજી હાથ ચોપડી તથા ખડીઓ કલમ લઇને બેઠો ત્યારે ઉમરાવબખસ બોલ્યાં જે લીખો પહેલે તક કે મેં ચઉદા બરસકી ઉમર અંદર તીનજન શેઠે ત્રણે જણના નામ લખ્યા પછી લીખો મેં દુસરે તપકે મેં અઠારા બરસકી ઊમરમેં તેરાજન શેઠે ચડપ ચડપ તેરે જણના નામ લખ્યા પછી કહ્યું કે લીખો તીસર તપકે મેં બાવીશ વરસકી ઉમર અંદર છપંન જણના નામ લખ્યાપણ પેલા શેખસીઆં જમાદારનું નામ એક તપકમાં આવ્યું નહીં કારણ કે પેલીએ જે નામ લખાવ્યા તે પોતાના ખાસ રાખેલાનાજ નામ લખાવ્યાં

હતા અને ખરચીનોતો હીસાબજ નહી તેથી પેલા મીયા પણ ખર ચીમાં ચાલ્યા ગયા, તેથી શેઠે વીચાર્યું કે હવે એને નીશાની વગર શી રીતે રૂપીઆ આપું અને હવે રૂપીયા પાછા લઈ જવાની જુગતી કરવી જોઇએ, એવું વિચારી ગુમાસ્તાને કહ્યું જે અસા કોથળીઓ આમ લાવ ગુમાસ્તાએ કોથળીઓ હાજર કરી તે લઈ કોથળીનું મોહુ છોડી બોલવા લાગો જે મારા સારા માંજરી રાંડના આ થેલી શું કરવા લાવ્યો મેં તને સોનાની મોરની થેલી કહી હતી જે આ શું લાવ્યો જા રાંડના થેલીએ પાછી લઇજા ને પેલી મોર ની લઈ આવ. આવું સાંભળી ગુમારતો મનમાં કચવાવા લાગો જે શેઠ એમ કેમ બોલ છે મોરની થેલી કયાંથી લાવું શેઠે ગુમાસ્તા-ના ચેરા ઉપરથી જાણ્યું કે ગુમાસ્તો મારો પેચ સમજ્યો નહી ત્યારે શેઠ બોલ્યા જે ફાર્યો વીચાર શું કરે છે ફેરવીને પાઘરી બાંધે આવું કહેતા ગુમાસ્તો ચેત્યો કે અહીંથી ટાંકણી જવાનો વી-ચાર થયો તેથી તરત રૂપીયાની થેલીઓ ઉઠાવી ચાલતો થયો તેથી તરત રૂપીયાની થેલીઓ ઉઠાવી ચાલતો થયો પછી શેઠ ધીરે ધીરે બડબડવા લાગ્યા કે ફાડયો પાઘડી બદલતો નથી કહીએ શું આજે રાંડનો લાવે છે શું ઉમરાવબખસ સાથે થોડો એક વખત વાત-ચીતમાં કાઢયો આજે બોલવા લાગ્યો જે આંઘરીનો હજુએ ના આવ્યો એમ કહી ચોંકી જે બોલ્યા જે હાય હાય હાય એનો સો વાંક કુંચીઓ તો મારી પાસે છે ઉમરાવબખસ તમે બેસજો હું હમણાં આવું છું એમ કહી ચાલતાં થયા ને ઉમરાવબખસ વાટ જોવા બેઠા હવે તે એ વાતને ઘણા એક મહીના વીતી ગયા પછી પેલા

શેખમીયા ગામેગામ રખળતા રઝળતા પોતાના વતનમાં આવ્યા અને શેહેરમાં આવતાંજ એક એમના દોસ્તાર સામા મળ્યા તે જમાદાર ને જોતાંત બોલ્યો જે સલામ આલેકું નવેવાલેકું સલામ એમ કહી એકએકનાં ખબર આફ્રરાયન પુછી પછી તે જમાદાર જે પુછવા લાગ્યો કે કયુ જનાબ કુછ કમાકે આયાહું તે બોલ્યા કે જો મેહેરબાની કરકે દોસ્તી કે હકમે મેરેકું પાંચસો રૂપીઆ અંગ ઉધાર દો તો આપકું થોડે દીનમાં અલા ચાયતે, પીછા દઉંગા કે તુરત જમાદારે પેલા પારેખ ઉપર પાંચસોની હુંડી લખી આપી ત્યાંથી ચાલ્યો તેવામાં રસ્તામાં એક ઘોડાને સોદાગર મળ્યો તેની પાસેથી એક ત્રણ હજારનો ઘોડો ખરીદી તેને પણ ચીઠી લખી આપી એમ રસ્તે ચાલતાં જે મળતું ગયું તે ખરીદી કરીને બમણી તમણી ચીઠી લખીને આપતા ગયા તે કેહેવત પ્રમાણે પૈસો જે મુળથી આવ્યો હતો તે મુળથી જવા લાગ્યો એમ કરતાં ચકલી બજારમાં મોટા દુમામથી ઉમરાવબખસને ત્યાં આવી પહોંચ્યાં, આવો ઠાઠ જમાદારનો જોઈ ઉમરાવબખસે જમાદારને વધાવી લીધો અને આસુક માશુક એક એકને વળગી ચુમાચુમી ચાલી અને ખેર આ ફ્રરીયાત પુછીને હાથમાં પંખો લઈ હલાવતા બેઠા. અને ઉમરાવબખસતો મીયાને વારી જાઉ ઉસ તરકે થાઉ ખુરબાન જાઉં વીગેર બોલતો તે બે હાથથી આંગળીઓના પોતાના માથે આંકડાં ફોડવા લાગી પછી શેખમીઆં ઉમરાવબખસને પુછવા લાગ્યો કયું પ્યારી મારો પારેક તુમકું પાંચહજાર રૂપે દે ગયા જવાબ દીધો નહીં મુજેતો કોઇને બી નહીં દીયા રૂપયે કયાને

બાત કીયા મેં કુછ નહીં જાનતી આવું સાંભળી મીઆને પોતાના પારેખ ઉપર ગુસ્સો આવ્યો અને તરત એક માણુંસને બોલાવા મોકલ્યો કે પેલા વાણીયાને ખબર થતાંજ ઝટ પોતાનો ચોપડો બગલમાં મારી ફાટુતુટુ લુગડું પેરી, ઉમરાવબખસને ત્યાં આવ્યો કે તેને જોતાંજ શેખમીઆં અતીશે ગુસ્સે થઇ ગાળો દઇ કહેવા લાગ્યો જે સાલે ઇનિકું રૂપે કયુ નહી દયે હમારી શાખકુ બટા લગાયા આવું સાંભળી વાણીયો જે જમાડ સાહેબ ખડા એમાં મારો જરાએ વીંકં નથી આ તમારો કાગળથી જુઓ એમાં તમે સાફ લખ્યું છે જે નામથામ પતો પુછીને આપજો તેથી હું એ બધેને ત્યાં આવ્યો હતો પણ એમણે મને તમારૂ કહ્યું નહીં તારે રડી મેં પુછયું જે તમારા રાખેલા હોય તેમના નામ બતાવો પછી એમણે લખાવ્યાં ત્યારે શેખમીયા દમમાં બોલ્યા જે સાલે ઇનકા રખેલા મેરા શીવાય દુસરા કોનહે વાણીગો બોલ્યો જમાડાડ સાહેબ એટલા આકડા શું કરવા થાઓ છો મારી વાત તો સાંભળો તો અરાલ્યો, આ નામનો ચોપડો તો જુઓ એમ કહી ચોપડો આગળ નાંખી પાન ઉથલાવી વાંચવા લાગ્યો કે જુઓ જમાદાર સાહેબ ત્રણુમાં પણ તમારૂં નામ નથી, જુઓ બીજા તેરમાં પણુ તમારૂ નામ નથી ને ત્રીજા છપનમાં પણુ તમારૂ નામ નથી. ત્યારે તો જુઓ જમાડાડ સાહેબ તમે તો નહી ત્રણુમાં નહી તેરમાં કે નહી છપનના મેળમાં ત્યારે હું શી રીતે રૂપીઆ આપુ હું ગરીબ વાણીયો વચમાં માર્યો જાઉ આવું સાંભળી શેખમીઆને તો અતીસે ગુસ્સો ચડયો ને બોલ્યા જે તેરી ભેનકત રંડી મારૂ સાલી અમતો તેરે લેખેમેજ નહી ચાતીયાં હલાં એ હયા ગજબ પછી

ઉમરાવ બખસને શેખમીઆને તો ખુબ તડાતડ લાળ જુતીઓ ઉ-
ડાવા માંડી પછી વાંણીએ વીચાર્યું જે કેહેવત છે કે હાથી હાથી
લડી મરે ને વચમાં જાડાના ખો થાય તે પ્રમાણે આ બેની વચ-
માં હું ગરીબ વાણીયો માડયો જઇશ પછી બોલ્યો જે હાય હાય
ભાઇ સાહેબ તમે શીદ વઢો છો મને તો બીક લાગે છે એમ ક-
હી મીયાએ પાઘડી દાબી કાછડી સંભાળી ચાલતો થયો.

સમાપ્ત.

બુકસેલર, જેશંગભાઇ મોતીલાલ શાહની,

કંપની.

મુ. અમદાવાદ ઠે. રીચીરોડ.

વેપારીને ઘણાજ કીફાયત ભાવે માલ મોકલે છે છુટક વાંચવા સારૂ મંગાવનારને પણ વ્યાજબીજ ભાવથી મોકલે છે.

પુસ્તકો શિવાય હરકોઇ જાતનો માલ જેવા કે, મેવો ફ્રુટ મીઠાઈ, અતલસ, કીનખાબ, ધોતી જોટા રેશમી, ઈંગ્લીશ દવાઓ, પેઇનકીલર, કવીનાઇન, સારશા પરીલા વીગેરે વીગેરે માલ પોતાની ઈનામદારીથી ફક્ત સેંકડે બે ટકાની ચોખી હકસાઇ ખાઈ માલ મોકલે છે.

નવી નવાઇના નવાં પુસ્તકો ખરીદ કરો

દેવતાઇ જાદુગર.

અતી ચમત્કારીક પુસ્તક અમારી તરફથી થોડા રોજમાં બ્હાર
પડસે. કીંમત રૂ. ૦-૮-૦ આના ટપાલ ખર્ચ માફ.
પોકેટ ગજવામાં રાખી શકાય તેવો.

મુસાફર વૈદ.

રોગ નિવારણ.

કીંમત રૂ. ૦-૮-૦ ટપાલ ખરચ માફ.

તે શીવાય ઘણી જાતના પુસ્તકો તથા ઘણી જાતની દવાઓ
અમારી ઓફીસમાં મળે છે જોઇએ તેમણે અમારૂં
છાપેલું લીસ્ટ મંગાવી લેવું.

વેચનાર.

મુ. અમદાવાદ.
ઠે. રીચીરોડ.

જેશંગભાઇ મોતીલાલ શાહ.
બુકસેલર એન્ડ કમીશન એજંટ.